# કૃષિ હવામાન વિભાગ, બં.અ.કૃ.મ., આકૃયુ, આણંદ દ્વારા જુદા જુદા સંશોધન કેન્દ્ર ખાતે ઉપસ્થિત વેધશાળાની જાળવણી અંગેની યોજાયેલ મીટીંગ

કૃષિ હવામાનશાસ્ત્ર વેધશાળા અંગેની ચર્ચા કરવા માટે એક મિટિંગનું આયોજન આચાર્ય અને કૃષિ વિધ્યાશાખાધ્યક્ષશ્રીએ સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં તા:૧૨/૧૦/૨૦૧૭, ગુરુવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પી. જી. સેમીનાર હોલ, બીએસીએ, આકૃયુ, આણંદમાં જુદા જુદા સંશોધન કેન્દ્રના અધિકારીશ્રીઓ સાથે કરેલ. આ મિટિંગનો ઉદ્દેશ્ય આણંદ કૃષિ યુનીવર્સીટીના વિસ્તારમાં આવતી કુલ સત્તર (૧૭) હવામાનશાસ્ત્ર વેધશાળાની ઇન્સપેકશનની જે કામગીરી ૧૯/૦૮/૨૦૧૭ થી ૧૧/૦૯/૨૦૧૭ દરમ્યાન કરવામાં આવેલ હતી અને સ્ટેટસ રિપોર્ટ તૈયાર કરીને જે તે કેન્દ્રને મોકલાવેલ હતો તેની વિસ્તૃત ચર્ચા કરવા માટે હતો. આ ઉપરાંત મીટીંગના એજન્ડામાં ખામીયુક્ત કે નુકસાન પામેલ હવામાનના ઉપકરણોને ચાલુ કરવા બાબતે અથવા જો નવા ખરીદવાના થતા હોય તો તેની એક ગાઇડલાઇન તૈયાર ઉભી કરવા માટે હતો.

કાર્યક્રમની શરૂઆત ડૉ. કે. પી. પટેલ, આચાર્યશ્રી અને વિદ્યાશાખાધ્યક્ષએ સ્વાગત અને પ્રસંગોચિત પ્રવચનથી કરી હતી ત્યાર બાદ ડૉ. એમ. એસ. કુલશ્રેષ્ઠ, પ્રાધ્યાપક અને વડા, બં.અ.કૃ.મ, આકૃયુ, આણંદએ કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધતા ઈન્સ્પેક્ટ કરેલી જુદી જુદી વેધશાળાની એક સામાન્ય સ્થિતિ વર્ણવી હતી.

ડૉ. કે. બી. કથીરિયા સંશોધન કેન્દ્ર નિયામકશ્રી અને આ કાર્યક્રમના અધ્યક્ષે જણાવ્યુ હતું કે આણંદ કૃષિ યુનીવર્સીટીની જ્યુરીડિકશનમાં આવતી બધીજ વેધશાળાની નિયમિત જાળવણી એ ખુબ જરૂરી છે અને તેના પગલાં રૂપે તેમણે ઘણા ઉપયોગી સૂચનો કરેલ.

સંશોધન નિયામકશ્રીએ જુદા જુદા સંશોધન કેન્દ્રએ ઉપસ્થિત વેધશાળા સુચારૂ રૂપે અને વ્યવસ્થિત કાર્યરત રહે તે માટે ઘણાજ મહત્વના સૂચનો કરેલ અને તેનું પાલન કરવા માટે પૂરે પુરૂ માર્ગદર્શન આપેલ

આમ, આ ઉપરોક્ત મીટીંગ ભવિષ્યમાં હવામાનના પરિમાણોના અવલોકનોની ચોક્કસતા અને સમયાંતરે ઉપલબ્ધતા માટે બહુજ ઉપયોગી નીવડેલ.



